ગળતેશ્વરના અંગાડી ગામના પહાડીયા વિસ્તારમાં પોલીસની મેગા 'સર્જિકલ સ્ટ્રાઈક'

# ગળતેશ્વરમાં ગૌવંશ કતલખાનાનો પર્દાફાશ

**બે ભાઈના** મકાનમાં ચાલતા પાપના કારોબાર પર લોકલ ક્રાઇમ બ્રાંચ ત્રાટકી



(પ્રતિનિધિ) નડિયાદ તા.૪

ગળતેશ્વર તાલુકાના અંગાડી ગામમાં પહાડીયા વિસ્તારમાં ધમધમતા એક ગેરકાયદેસર ગૌવંશ કતલખાના પર પોલીસે લાલ આંખ કરી છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસે સંયુક્ત રીતે ઓપરેશન પાર પાડીને બે અલગ-અલગ મકાનોમાં ચાલતી કતલની પ્રવૃત્તિને ઉઘાડી પાડી છે. આ દરોડામાં પોલીસે 250 કિલોગ્રામ ગૌમાંસ અને કતલ માટેના સાધનો સાથે કુલ 7 શખસોની ધરપકડ કરી છે, જ્યારે એક શખસ નાસી છૂટવામાં સફળ રહ્યો છે.

ખેડા - નડિયાદ લોકલ ક્રાઈમ બ્રાંચ પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, અંગાડી ગામના પહાડીયા વિસ્તારમાં રહેતા બે ભાઈઓ પોતાના મકાનમાં ગૌવંશની કતલ કરી માંસનું વેચાણ કરી રહ્યા છે. આ ગંભીર ગુનાને ડામી દેવા માટે ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સેવાલીયા અને ઠાસરા પોલીસની એક વિશેષ સંયુક્ત ટીમ બનાવવામાં આવી હતી. પોલીસે પંચોને સાથે રાખીને વ્યુહાત્મક રીતે બંને મકાનો પર એકસાથે ત્રાટકવાનું આયોજન કર્યું હતું.

પોલીસની પ્રથમ ટીમે જ્યારે એક મકાનમાં દરોડો પાડ્યો ત્યારે રસોડાના ભાગે ત્રણ શખસો પશુ માંસનું કટિંગ કરતા મળી આવ્યા હતા. આ મકાનમાંથી પશુ માંસ, ચરબી, લોખંડના છરા અને ઈલેક્ટ્રિક વજન કાંટો મળી આવ્યો હતો. એ જ સમયે બીજી ટીમે બાજુના મકાનમાં દરોડો પાડતા ચાર શખસો માંસ કાપતા રંગેહાથ પકડાયા હતા. અહીંથી પોલીસને લટકાવેલું પશુનું માથું અને મીટ ગ્રાઈન્ડર મશીન જેવા સાધનો પણ મળી આવ્યા હતા. આ દરોડા દરમિયાન મળી આવેલું માંસ કયા પશુનું છે ? તેની ત્વરિત તપાસ માટે પોલીસે પશુ વેટરનરી અધિકારીને સ્થળ પર બોલાવ્યા હતા. અધિકારીએ તપાસ બાદ સ્પષ્ટ કર્યું હતું કે મળી આવેલું માંસ ગૌવંશનું જ છે. આરોપીઓ પાસે કતલ કરવા માટેનું કોઈ પણ પ્રકારનું લાયસન્સ કે પ્રમાણપત્ર મળી આવ્યું ન હતું.


આ સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધીને પકડાયેલા સાતેય શખસો સામે કડક કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે. ભરચક વિસ્તારમાં ચાલતા આ ગેરકાયદેસર કતલખાનાના પર્દાફાશથી પંથકમાં ચકચાર મચી ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મોહંમદફૈજાન કુરેશી નામનો શખસ ફરાર છે, જેને પકડવા ચક્રો ગતિમાન કરાયા છે.

### પોલીસના સકંજામાં આવેલા શખસો

યુસુફ મહંમદભાઇ કુરેશી(બેલીમ), ફઝલ યુસુફભાઈ કુરેશી (બેલીમ), યુનુસભાઈ મહંમદભાઈ કુરેશી (બેલીમ), ઇકબાલ મહંમદભાઈ કુરેશી (બેલીમ), મોહંમદસકલેન યુનુશભાઇ કુરેશી(બેલીમ), સિકંદરમીયાં ઇસામમીયાં શેખ અને એક બાળ કિશોર (કાયદાના સંઘર્ષમાં આવેલો)

# નડિયાદના બિલોદરા રોડ પર દુકાનોમાં વીજ ચોરી પકડાઈ

**૧૧ દુકાનોમાં** એક જ જોડાણ બાયપાસ કરી વીજળી વાપરવાનું કારસ્તાન પકડાયું



(પ્રતિનિધિ) નડિયાદ તા.૪

નડિયાદ શહેરના બિલોદરા રોડ પર ગણેશ ચોકડી પાસે આવેલી દુકાનોમાં એમજીવીસીએલની ટીમે આકસ્મિક દરોડા પાડીને મોટા પાયે ચાલતી વીજ ગેરરીતિનો પર્દાફાશ કર્યો છે. બાતમીને આધારે કરાયેલી આ સઘન કાર્યવાહીમાં અધિકારીઓએ ગેરકાયદે જોડાણો પકડી પાડી કડક પગલાં લીધા છે.

મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા વીજ ચોરી અટકાવવા ચલાવવામાં આવતી ઝુંબેશ અંતર્ગત ગણેશ ચોકડી વિસ્તારની દુકાનોમાં વાયરિંગ અને મીટરોની ઝીણવટભરી તપાસ હાથ ધરાઈ હતી. આ તપાસ દરમિયાન ચોંકાવનારી વિગતો સામે આવી હતી કે આ વિસ્તારની તમામ ૧૧ દુકાનોમાં મુખ્યત્વે એક જ વીજ જોડાણ હતું અને તેને બાયપાસ કરીને તમામ દુકાનો ચલાવવામાં આવતી હતી.

વધુમાં, ૨ વીજ મીટરોને બાયપાસ કરી સીધી વીજળી લેવાતી હોવાનું અને ૧ ઘર વપરાશના મીટરનો વ્યાપારી હેતુ માટે ઉપયોગ થતો હોવાનું પણ ઝડપાયું હતું. આ પ્રકારની ગંભીર ગેરરીતિ સામે આવતા વીજ કંપનીએ તાત્કાલિક અસરથી તમામ વીજ જોડાણો કાપી નાખ્યા છે અને સ્થળ પરથી મીટરો જપ્ત કર્યા છે.

# ખેડા જિલ્લામાં વરસાદનો વિરામ છતાં માર્ગો જળમગ્ન

**હેરંજ ગામે** શેઢી નદીના નિર્માણાધીન બ્રિજ પર વાહનવ્યવહાર શરૂ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૪

ખેડા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા અવિરત વરસાદને કારણે જનજીવન અને વાહનવ્યવહાર પર માઠી અસર પડી છે. જિલ્લાના અનેક ગ્રામ્ય અને સ્ટેટ હાઈવે માર્ગો પાણીમાં ગરકાવ થતા વાહનવ્યવહાર ખોરવાયો છે. ખાસ કરીને પણસોરાથી અલીણાને જોડતા માર્ગ પર હેરંજ ગામ પાસે શેઢી નદી પરનો ડાયવર્ઝન ધોવાઈ જતા તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે નિર્માણાધીન મુખ્ય બ્રિજ પર જ હંગામી વ્યવસ્થા કરી રસ્તો ખુલ્લો મુકવામાં આવ્યો છે.

ખેડા જિલ્લામાં ભારે વરસાદને પગલે માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તાઓના રિપેરિંગ અને રિસ્ટોરેશનની કામગીરી તેજ કરવામાં આવી છે. હેરંજ ગામ નજીક શેઢી નદી પર નવા બ્રિજનું કામ ચાલી રહ્યું હોવાથી વાહનો માટે ડાયવર્ઝન આપવામાં આવ્યું હતું, જે વરસાદમાં નદીમાં પાણીની આવક વધતા સંપૂર્ણ ધોવાઈ ગયું હતું.

આ માર્ગ પર અન્ય કોઈ વૈકલ્પિક રસ્તો ન હોવાથી, મુખ્ય બ્રિજનું સ્ટ્રક્ચર તૈયાર હોઈ તેના પર જ માટી અને મટિરિયલનું ફિલિંગ કરી કામચલાઉ એપ્રોચ રોડ તૈયાર કરાયો છે. હાલ આ બ્રિજ પરથી વાહનોની અવરજવર સુચારુ રીતે શરૂ કરી દેવામાં આવી છે. ભારે વરસાદથી રસ્તાઓને પણ મોટુ નુકશાન થયું છે.

પેટલાદ શહેરના પૂર્વ વિસ્તારની સોસાયટીઓ હજુ પણ પાણીમાં ગરકાવ

# પેટલાદમાં વરસાદી પાણીના નિકાલ મુદ્દે રહીશોનો પાલિકામાં હલ્લાબોલ

**પાણીના નિકાલ** બાબતે કાયમી ઉકેલના અભાવે લોકોમાં ભારે રોષ

(પ્રતિનિધિ) પેટલાદ તા.૪

પેટલાદમાં 9 ઈંચ જેટલો વરસાદ બે દિવસમાં થયો હતો. જેને કારણે શહેરનો પૂર્વ વિસ્તાર પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. શહેરના તમામ મુખ્ય પ્રવેશ દ્વારો બંધ થઈ ગયા હતા. કેટલીક સોસાયટી અને રસ્તાઓ ઉપર હજી પણ પાણી ઉસર્યા નથી. જેને લીધે લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. આ મુદ્દે આજરોજ સ્વામિનારાયણ મંદિર રોડ અને



રાધેશ્યામ સોસાયટીનું પ્રતિનિધી મંડળ રજુઆત કરવા પાલિકા પહોંચ્યું હતું. જોકે, હલ્લાબોલ પછી પ્રશ્નના નિરાકરણની બાંહેધરી આપી હતી.

પેટલાદમાં રેલ્વે ફાટક તથા ઓવરબ્રીજ આસપાસની સોસાયટીઓ, કોલેજ ચોકડી થી સાંઈનાથ ચોકડી સુધીના પૂર્વ વિસ્તારની તમામ સોસાયટીઓમાં વરસાદી પાણી ભરાયેલા જોવા મળે છે. દર વર્ષે આ સોસાયટીઓમાં વરસાદી પાણીના નિકાલની સમસ્યા ઠેરની ઠેર જોવા મળે છે. છતાં પાલિકા તંત્ર કાયમી સુચારૂ આયોજન કરવામાં નિષ્ફળ રહેલ છે. તેમાંય આ વખતે સતત બે દિવસ સુધીમાં 9 ઈંચ વરસાદ થતાં તમામ પ્રવેશદ્વારો સહિત સ્વામિનારાયણ મંદિરના માર્ગ ઉપર ગોઠણસમા પાણી ભરાઈ ગયા હતા. કેટલાક રસ્તાઓ અને સોસાયટીઓમાં હજી પણ વરસાદી પાણી ભરાયેલા છે. કેટલાક સ્થળોએથી પાણીના નિકાલ માટે ડંકી મૂકવામાં આવી છે. ઉપરાંત પૂર્ણાનંદ સોસાયટી પાસેનો રસ્તો ખુલ્લો કરવાની કામગીરી પણ કાર્યરત છે. છતાં શહેરમાંથી વરસાદી પાણીનો નિકાલ વહેલામાં વહેલી તકે કરવામાં આવનાર હોવાનું કારોબારી ચેરમેન જય પટેલે જણાવ્યું હતું.

# આણંદમાં ૧૩ શિક્ષકોની પસંદગીની શાળામાં બદલી

**શિક્ષણકર્મીઓને** ગુણાંકનના આધારે બદલી અપાઈ

(પ્રતિનિધિ) આણંદ તા.૪

આણંદ જિલ્લાની માધ્યમિક શાળામાં ફરજ બજાવતા ૧૩ મદદનીશ શિક્ષકો માટે તાજેતરમાં યોજાયેલા આંતરિક જિલ્લા ફેર બદલી કેમ્પમાં ૧૩ શિક્ષણ કર્મીઓને તેઓની પસંદગીની શાળામાં બદલી કરીને નિમણુંક આપવામાં આવી છે.

આણંદ જિલ્લામાં પોતાના પસંદગીના સ્થળ કે વતનની શાળામાં બદલી પામીને જવા ઈચ્છતા માધ્યમિક વિભાગના મદદનીશ શિક્ષકો માટે તાજેતરમાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા આંતરિક જિલ્લા ફેરબદલી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માધ્યમિક વિભાગના ૨૦ શિક્ષકોની તંત્રને અરજી મળી હતી. જેમાંથી ૧૯ શિક્ષકો કેમ્પમાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી કુલ ૧૩ શિક્ષકોને તેઓને મળેલ ગુણાંકનના આધારે તેઓના પસંદગીના સ્થળ શાળાઓમાં બદલી કરવામાં આવી છે.

આણંદ જિલ્લા શિક્ષણ વિભાગને બદલી પ્રક્રિયા અંતર્ગત કુલ ૨૦ અરજીઓ પ્રાપ્ત થઈ હતી. નિર્ધારિત દિવસે યોજાયેલી કાર્યવાહી દરમિયાન ૧૯ શિક્ષકો હાજર રહ્યા હતા, જ્યારે એક અરજદાર ગેરહાજર રહ્યા હતા. જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા અરજદારોના ગુણાંકન, સેવા વિગતો અને નિયત માપદંડોના આધારે અરજીઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. પ્રક્રિયાના અંતે કુલ ૧૩ શિક્ષણકર્મીઓને બદલીનો લાભ આપવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ડી.એન. ઇન્સ્ટિ. ઓફ બિઝનેસ એડ.માં 'લાઈબ્રેરી ઓરિએન્ટેશન પ્રોગ્રામ' યોજાયો

**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી ડી.એન. ઇન્સ્ટિટ્યૂટ ખાતે BBA (GEN) અને (ITM)ના નવા વિદ્યાર્થીઓ માટે લાઈબ્રેરી ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલ ડો. ભારતીબેન રાજના માર્ગદર્શન હેઠળ લાઈબ્રેરીયન ડો. સ્મિતાબેન પ્રજાપતિ દ્વારા વિદ્યાર્થીઓને પુસ્તકોના નિયમો અને લાઈબ્રેરીના કાર્યક્ષમ ઉપયોગ અંગે માર્ગદર્શન અપાયું હતું. આ કાર્યક્રમ બાદ વિદ્યાર્થીઓએ લાઈબ્રેરીની મુલાકાત લઈ ટેક્સબુક્સ, રેફરન્સ બુક્સ, મેગેઝિન અને ધાર્મિક પુસ્તકોના વિશાળ સંગ્રહની પ્રત્યક્ષ જાણકારી મેળવી હતી.



### આણંદની વેટરીનરી કોલેજમાં 'ડેન્ગ્યુ વિરોધી માસ' અંતર્ગત જનજાગૃતિ કાર્યશાળા યોજાઈ



**આણંદ |** આણંદ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા 'ડેન્ગ્યુ વિરોધી જુલાઈ માસ'ની ઉજવણીના ભાગરૂપે વેટરીનરી કોલેજ ખાતે ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ માટે વિશેષ તાલીમ અને જાગૃતિ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા મેલેરીયા અધિકારી દ્વારા મચ્છરજન્ય રોગોના ફેલાવા અને અટકાયતી પગલાં અંગે તકનીકી માહિતી આપી વિદ્યાર્થીઓને કેમ્પસ અને હોસ્ટેલને મચ્છરમુક્ત રાખવા માટે સેન્સિટાઈઝ કરવામાં આવ્યા હતા. આ વર્કશોપમાં વિદ્યાર્થીઓને મચ્છરના જીવનચક્રનું જીવંત નિદર્શન પૂરું પાડી પોરાનાશક પ્રવૃત્તિઓ અને મચ્છરોની ઉત્પત્તિ રોકવા માટેની સમજ પૂરી પાડી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજની સંકલ્પ કોલેજ ઓફ નર્સિંગ ખાતે 'નારી વંદન ઉત્સવ'ની ભવ્ય ઉજવણી

**કપડવંજ |** કપડવંજની સંકલ્પ કોલેજ ઓફ નર્સિંગ, ડાભા ખાતે નારી વંદન ઉત્સવ અંતર્ગત બેટી પઢાવો બેટી વધાવો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજના ચેરમેન નયનભાઈ પટેલ, ડિરેક્ટર નિમેષભાઈ પટેલ તથા બાયડ તાલુકાના વિવિધ પદાધિકારીઓ અને આરોગ્ય અધિકારી હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન જિલ્લા મહિલા અને બાળ સુરક્ષા વિભાગ દ્વારા કોલેજમાં પ્રથમ નંબર મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીનીઓને ગિફ્ટ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ દીકરીઓના શિક્ષણ અને ઉત્કર્ષ પર ભાર મૂકી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.



### નડિયાદની યુટીએસ મહિલા કોલેજ ખાતે 'મહિલા સ્વાવલંબન દિવસ'ની ભવ્ય ઉજવણી

**નડિયાદ |** નડિયાદમાં નારી વંદન સપ્તાહ અંતર્ગત આયોજિત કાર્યક્રમમાં વિવિધ ખાનગી કંપનીઓ દ્વારા મહિલા રોજગાર ભરતી મેળો યોજીને રોજગારીની ઉત્તમ તકો પૂરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત બહેનોને મહિલા કાયદાકીય અધિકારો, ૧૮૧ અભયમ હેલ્પલાઇન અને વિવિધ સરકારી કલ્યાણકારી યોજનાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપી માહિતગાર કરાયા હતા. આ કાર્યક્રમ દરમિયાન તેજસ્વી વિદ્યાર્થીનીઓને એજ્યુકેશન કિટનું વિતરણ અને સફળ 'લખપતિ દીદી'ઓનું શીલ્ડ અર્પણ કરી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.




### ખંભોળજના સુપ્રસિદ્ધ ચેહરધામ ખાતે એક હજાર બાળાઓના ગૌરી વ્રતના પારણા યોજાયા

**આણંદ |** ખંભોળજના સુપ્રસિધ્ધ ચેહરમાતા મંદિરે ગૌરી વ્રત કરતી વિવિધ શાળાઓની અંદાજે એક હજાર બાળાઓને ભુવાજી નાગજીભાઈ રબારી દ્વારા પારણા કરાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે ભુવાજીએ તમામ બાળાઓને ભોજન કરાવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ આપ્યા હતા, જે પરંપરા મંદિર ખાતે દર વર્ષે નિભાવવામાં આવે છે. આ કાર્યક્રમમાં ખંભોળજની કન્યા, કુમાર, બ્રાન્ચ શાળા, આંગણવાડી અને હાઈસ્કૂલની બાળાઓ સાથે ભુવાજી જયભાઈ રબારી તથા શાળાના શિક્ષકો હાજર રહ્યા હતા. ચેહર માતાજીના સાનિધ્યમાં ભક્તિમય માહોલ વચ્ચે સેવકગણના સહયોગથી આ ગૌરી વ્રત પારણાનો ઉત્સવ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો હતો.



### આણંદના ડીએન 99 ગ્રુપ દ્વારા સુરજબા પ્રાથમિક શાળાના બાળકોને શૈક્ષણિક કીટ વિતરણ કરાઇ

**આણંદ |** આણંદના ડીએન 99 ગ્રુપ દ્વારા કાંધરોટી સ્થિત સુરજબા પ્રાથમિક શાળાના ધોરણ ૧ થી ૫ના બાળકોને શૈક્ષણિક કીટ અર્પણ કરવામાં આવી હતી. આ કીટમાં થેલો, કંપાસ, કલરબોક્ષ અને પેન્સિલ જેવી સ્ટેશનરીની વસ્તુઓ સાથે તમામ બાળકોને બુટ અને મોજાનું પણ વિતરણ કરાયું હતું. આ પ્રસંગે ગ્રુપના ચિરાગભાઈ પટેલ અને રચનાબેન પટેલ સહિત અગ્રણીઓ કાંતિભાઈ અને ભરતભાઈ જાદવ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શૈક્ષણિક સાધનો અને બુટ-મોજા મેળવીને શાળાના નાના બાળકોના ચહેરા પર અનેરો આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.



### રાસનોલ ગામે ગૌરી વ્રતની ભક્તિભાવપૂર્વક પૂર્ણાહુતિ: બાળાઓએ જવારાનું વિસર્જન કર્યું

**આણંદ |** જિલ્લાના રાસનોલ ગામે નાની બાળાઓ દ્વારા પાંચ દિવસીય ગૌરી વ્રતની શ્રદ્ધાપૂર્વક ઉજવણી બાદ આજે હર્ષોલ્લાસ સાથે પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ નિમિત્તે દીકરીઓએ પરંપરાગત વેશભૂષામાં સજ્જ થઈ માટીના પાત્રમાં વાવેલા જવારાનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન-આરતી કરી હતી. બાદ બાળાઓ માથા પર જવારાની ટોપલીઓ લઈને વાજતે-ગાજતે પવિત્ર જળાશયોમાં વિસર્જન કરવા માટે નીકળી હતી. ભક્તિમય માહોલમાં યોજાયેલી આ પરંપરાગત ધાર્મિક યાત્રામાં મોટી સંખ્યામાં બાળકો પણ ઉત્સાહભેર જોડાયા હતા.



### આણંદના કાસોરમાં વરસાદી પાણી ઓસરતા આરોગ્ય મંદિર દ્વારા તપાસ હાથ ધરાઇ



**આણંદ |** કાસોરના મકવાણા કોલોની, મલેક વાસ અને ખરવાડ વિસ્તારમાં પાણી ઉતરતા આરોગ્ય વિભાગ દ્વારા સઘન તપાસ હાથ ધરાઈ છે. આરોગ્ય મંદિર દ્વારા ઓ.પી.ડી. યોજી ક્લોરિન ગોળી, ORS વિતરણ અને પોરા નાશક કામગીરી કરવામાં આવી હતી. મચ્છરજન્ય રોગો અને ગંદકી ન ફેલાય તે માટે અગમચેતીના ભાગરૂપે આ કામગીરી કરવામાં આવી રહી છે. MPHW અમિતકુમાર ચૌહાણ તથા FHW નીલુ બેન દ્વારા આ સેવાકીય કામગીરી કરી ગ્રામજનોના સ્વાસ્થ્યની દરકાર લેવાઈ હતી.

### પેટલાદના મોરડમાં તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં તિથિ ભોજનનું આયોજન કરાયું



**પેટલાદ |** મોરડ ગામના માજી સરપંચ સ્વ. શંભુપ્રસાદ દવેના મોક્ષાર્થે તેમના પુત્ર આકાશભાઈ દવે અને પરિવાર દ્વારા ગામની તમામ આંગણવાડી તથા શાળાઓના બાળકો અને સ્ટાફ માટે ભોજન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પૌષ્ટિક ભોજન સાથે ગૌરીવ્રત નિમિત્તે વિશેષ આઈસ્ક્રીમ પણ પીરસવામાં આવ્યો હતો. શિક્ષક પરેશભાઈ પટેલના સુચારુ સંકલન હેઠળ યોજાયેલ આ પ્રસંગે બાળકોએ સમૂહ પ્રાર્થના કરી દવે પરિવારની સુખાકારી અને દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

### ચારુસેટની બે એનસીસી કેડેટ્સે નેશનલ એડવેન્ચર કેમ્પમાં સિદ્ધિ હાંસલ કરી




**આણંદ |** ચારુસેટ યુનિવર્સિટીની CMPICA કોલેજની કેડેટ વૃતા પાનેલિયા અને ખુશી લવડિયાએ ઉત્તરકાશીમાં યોજાયેલ ૧૧ દિવસીય રાષ્ટ્રીય એડવેન્ચર કેમ્પ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે. આ કેમ્પમાં કેડેટ્સે રોક ક્લાઇમ્બિંગ, રેપલિંગ અને હાઈ-એલ્ટિટ્યુડ ટ્રેકિંગ જેવી કપરી તાલીમ મેળવી હતી. દેશના વિવિધ રાજ્યોના ૧૫૦ પ્રતિભાશાળી કેડેટ્સ વચ્ચે વિદ્યાર્થીનીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ગુજરાત એનસીસી ડિરેક્ટોરેટનું ગૌરવ વધાર્યું છે. આ નોંધપાત્ર સિદ્ધિ બદલ વલ્લભ વિદ્યાનગર એનસીસી ગ્રુપના વરિષ્ઠ અધિકારીઓ અને ચારુસેટના સત્તાધીશોએ બંને કેડેટ્સને અભિનંદન પાઠવ્યા હતા.

### વિદ્યાનગરના સેતુ ટ્રસ્ટના દિવ્યાંગ બાળકો સાથે અભિનેતા નિતિન દેસાઈએ હાસ્ય વહેંચ્યું

**આણંદ |** વલ્લભ વિદ્યાનગર સ્થિત સેતુ ટ્રસ્ટમાં જાણીતા કલાકાર નિતિનભાઈ દેસાઈએ ફ્રેન્ડશિપ ડે નિમિત્તે દિવ્યાંગ અને પ્રજ્ઞાચક્ષુ બાળકો સાથે યાદગાર મુલાકાત લીધી હતી. તેમણે સ્ટેન્ડ-અપ કોમેડી દ્વારા બાળકોને હસાવ્યા અને તેમને 'સાચા મિત્રો' કહી જીવનમાં આત્મવિશ્વાસ સાથે આગળ વધવા માટે પ્રેરણા આપી હતી. ટ્રસ્ટના સ્થાપક સુધાબેન પટેલે અભિનેતાની વિનમ્રતાની સરાહના કરતા જણાવ્યું કે, આ મુલાકાતે બાળકોમાં નવી ઉર્જા અને સકારાત્મકતાનો સંચાર કર્યો છે. આ પ્રસંગે સેતુ પરિવારના ટ્રસ્ટીઓ અને સભ્યોની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમે ફ્રેન્ડશિપ ડેને યાદગાર બનાવ્યો હતો.

